# ગોડાઉનની ચાવી ન હોવાથી સીઝ કર્યું, અનેક અટકળો શરુ

## સાબરકાંઠાના ૩ સીટ્સ પ્લાન્ટમાં ટીમોની તપાસ : વડાલીની ઉમા સીસ-પ્રોસેસીંગ પ્લાન્ટમાંથી છૂક બિયારણનો જથ્થો સીઝ, લેબોરેટરી પૃથક્કણ માટે મોકલાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠામાં બિયારણનું ઉત્પાદન કરતા ૩ પ્રોસેસીંગ પ્લાન્ટમાં શનિવારે ગાંધીનગર અને હિંમતનગરના ખેતી અધિકારીઓની ટીમોએ સંયુક્ત રીતે ચીન તપાસ શરુ કરતાં વાલીની ઉમા સીસ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટમાંથી છૂક બિયારણનો જથ્થો મળી આવતાં સીઝ કરી લેબોરેટરી પરીક્ષા માટે ગાંધીનગર લેબમાં મોકલવામાં આવ્યો છે. જ્યારે કેમ્પસમાં આવેલ ગોડાઉન ખોલવાનું ક્વતાં ચાવી ન હોવાનું જણાવતાં સીઝ કર્યું છે અને તેની ચકાસણી કરવામાં આવશે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં બોગસ બિયારણાના વેપલા સામે વિભાગ ઉપર પસ્તાળ પડી રહી છે ત્યારે શનિવારની તપાસ એક ટીન હાવાનુ અધિકારીખોએ જણાવ્યું છે. જ્યારે સીઝ કરાયેલું ગોડાઉન સોમવારે ખોલતાં તેમાંથી ૯૦ કિમી. છૂટક બિયારણાનો જથ્થો મળતાં તપાસ ટીમો ચોકી ઉઠી હતી અને તેમાંથી સેમ્પલ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવેલ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કપાસના નકલીબિયારણના વેપલાથી અનેક લોકો માલામાલ બની ગયા છે અને ખેડૂતો પાયમાલ બની ગયા છે. ખેડૂતોને બિયારા ફેલ જય અને લેખિત ફરિયાદ પછી પા પગલાં ભરવામાં પાછી પાની થતી હતી. પરંતુ રાજયમાં નવી સરકારના આગમન પછી દરેક ક્ષેત્રમાં પારદર્શિતા અને અધિકારીઓની દોડાદોડ સૂચક મનાય છે. ગત શનિવારે કવોલીટી કંટ્રોલ વિભાગગાંધીનગરના ઈન્ટ ડાયરેક્ટર જે.બી.ઉપાધ્યાય, સાબરકાંઠ ખેતી નિયામક(કવોલીટી કંટ્રોલ) પીબી.બિસ્તરીયાની ટીમે ઈડર અને વડાલી તાલુકાની જીનીંગ મીલોમાં તપાસ માટે પહોંચ્યા હતા જેમાં ઈડરની મૂરલીધર, દરામલીની પાટીદાર જીનમાં તપાસ કર્યા પછી વડાલીની ઉમા સીસ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટમાં પહોંચતાં ત્યાં કેટલાંક બાચકં ભરેલું લુઝ બિયારણ જોવા મળતાં કેટલીક પૂછપરછ કરવામાં આવી પરંતુ અધિકારીઓને પ્લાન્ટ માલિકેનીવાત ગળે ન ઉતરતાં કપાસ બિયારણના સેમ્પલ પૃથકરણ માટે ગાંધીનગર મોકલ્યા છે અને પ્રારંભિક તબક્કે ૮૦ કીલો લૂઝ બિયારણનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે કેમ્પસમાં આવેલ ગોડાઉન બંધ હોવાથી તે ખોલવા માટે જણાવ્યું પરંતુ તે ચાવી ન હોવાનું કારણ આગળ ધરતાં ગોડાઉન સીઝ કરી ફરીથી પંચોની રુબરુમાં ખોલવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. હાલ તો વડાલીના ઉમા સીટ્સ પ્લાન્ટમાંથી એજ્ઞ કરાયેલો બિયારણના જથ્થાનો રિપોર્ટ શું આવે છે તેના ઉપર ખેડૂતોની મીટ મંડાયેલી છે.



### રવિવારે અધિકારીઓને મળવા કોણ દોડ્યું...

લોક ચર્ચા એવી છે કે ઈડરમાં ઉમા સીસ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટનું એક ગોડાઉન સીઝ કરાયા પછી રવિવારે અધિક્ષરીબોને મળવા માટે કેટલાક લોકો દેવા હતા. જો કે આ મામલે યોગ્ય તપાસ અને તમામ ભાગીઘરોના મોબાઈલની કોલ ડિટેલ્સ મેળવવામાં આવે તો અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે. ધંધાકીય હરિફાઈમાં પણ બદનામ કરવા માટે તો કોઈ કરસો ઘડાયો નથીને?? તે દિશામાં તપાસ થવી જોઈએ.

### ૪-જી ટેકનિકનું પ્રતિબંધિત બિયારણ હોવાની આશંકા..

કપાસના બિયારણમાં ૪-જી ની ટેકનિક આવી ગઈ છે અને ભારતમાં તેને માન્યતા પ્રાપ્ત થઈ નથી. સદર ટેકનિકમાં કપાસના પાકમાં ગુલાબી ઈયળ આવતી નથી પરંતુ કેટલાક બિયારણ ઉત્પાદકોએ મંજૂરી વગરનું બિયારણનો વેપલો લાંબા સમયથી શરુ કર્યો છે જેમાં કવોલીટી ખેતી વિભાગના ભ્રષ્ટ સરકારી બાબુઓની પણ મીલીભગત હોવાની આશા છે. વડાલીની ઉમા સીડસ એન્ડ પ્રોસેસીંગ જીનિંગ મીલમાંથી મળી આવેલું બિયારણ ખરેખર ૪-જી નીટેકનિજ્વાળું અને ગુજરાતમાં પ્રતિબંધિત છે તે હતું કે કેમ?? તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.

# માલપુર, ભિલોડા, બાયડ તાલુકામાં ઓછા વરસાદથી પાણીની અછત

## પશુપાલકો માટે રાહતદરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

માલપુર, ભિલોડા અને બાયડ તાલુકામાં ઓછા વરસાદા પછી ઉનાળા આરંભે પાણીની અછતની સ્થિતિ આકાર લઈ રહી છે. આ સંજોગોમાં ત્રણ તાલુકાઓમાં પશુપાલકો માટે રાહતદરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવા પશુપાલકોએ માંગ કરી છે. પાણીની અછતના કારણે આ વર્ષે ઉનાળુ વાવેતરમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો થવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના મોટાભાગના તળાવો સુકાઈ ગયા છે. તળાવો ભરવા માટે સત્વરે નિર્ણય નહિ લેવાય તો માલધારીઓને હિજરત કરવી પડે તેવી સ્થિતિ છે. ઓછો વરસાદ અને તાપમાનનો પારો ઉંચકાતા પાણીના તળ સતત ઉંડા ઉતરી રહ્યા છે. ત્યારે બાયડ, માલપુર અને ભિલોડા તાલુકાની પ્રજા ખેતી ઉપરાંત પશુપાલનના વ્યવસાય ઉપર જીવનનિર્વાહ કરી રહી છે. અને અત્યારથી જ સૂકા ઘાસચારાની અછતના કારણે પશુપાલકોને મોંઘા ભાવે સૂકું ઘાસ ખરીદવાની ફરજ પડી છે ત્યારે આવનારા કારમા ઉનાળામાં પશુઓને જીવાડવા માટે ઘાસચારો પણ દુષ્કર થઈ જાય તેવી સ્થિતિ છે. આ સંજોગોમાં વહિવટીતંત્રએ માલપુર, બાયડ અને ભિલોડા અને શામળાજી વિસ્તારમાં સૂકા ઘાસચારાના વિતરણ ડેપો શરુ કરવા જોઈએ અન્યથા પશુપાલકો માટે મૂંગા પશુઓને જીવાડવા મુશ્કેલ થઈ પડશે.

### ઓછા વરસાદથી ઘાસચારાની અછત

| તાલુકો | સરેરાશ વરસાદ |
|---|---|
| માલપુર | ૪૬.૮૧ ટકા |
| ભિલોડા | ૫૧.૧૮ ટકા |
| બાયડ | ૫૭.૩૭ ટકા |

## દેશી દારૂ બનાવવા મહુડાના ફૂલનો ઉપયોગ

# પંડલીમાં ડાલુ જીપમાં પ્રતિબંધિત મહુડાના જથ્થા સાથે વેપારી ઝડપાયો

## મહુડાં ભરેલાં ૩૧ કટ્ટા રાજસ્થાનથી વેચાણ અર્થે લાવતાં પકડાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

મેઘરજ તાલુકાના પંડુલી પાસે પોલીસે પીઅપ ડાલામાં લઈ જવાતો ૯૬,૭૦ની કિંમતના પ્રતિબંધિત મહુડાના જથ્થા સાથે વડથલીના વેપારીની અટકાયત કરી લોકઅપમાં ધકેલ્યો છે. દેશી દારુ બનાવવામાં ઉપયોગી મહુડાનો જથ્થો રાજસ્થાનથી લાવી વેપાર માટે વડથલીની દુકાનમાં ખસેડવા સમયે વેપારી પોલીસના સાણસામાં આવતાં યોગ્ય તપાસ થશે તો રાજસ્થાનથી મેઘરજ તાલુકાના ગામડાઓમાં દારૂ બનાવવા માટે પહોંચાડવામાં આવતા મહુડા તેમજ અખાધ ગોળના વેચાણનો પર્દાફાશ થઈ શકે છે. પોલીસે મહુડાં, ડાલુ જીપ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ છે ૨,૯૭,૬૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જિલ્લામાં અખાદ્ય ગોળ અને પ્રતિબંધિત મહુડાનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. દેશી દારૂ બનાવનારાઓ દુકાનોમાંથી આ જથ્થો ખરીદી ગૃહ ઉદ્યોગની જેમ દેશી દારુનું ઉત્પાદન કરી રહ્યા છે. પોલીસના રેડના તાયફા છતાં દેશી દારુનું દૂષણ વધ્યું છે. હવે તો રાજસ્થાનમાંથી મહુડાનો જથ્થો સપ્લાય થઈ રહ્યો છે. તાલુકાના પંડુલી પાસે પોલીસ બાતમીના આધારે વોચમાં હતી જે સમયે વડથલી ગામનો વેપારી ખેમચંદ મણીલાલ ક્લાલ પીકઅપ ડાલામાં મડાનાં ૩૧ ક્રાં ભરી પસાર થતી હોવાથી પોલીસે અટકાવી ઢાંની તલાશી લીધી જેમાં પરમીટ વગર મહુડાના જથ્થાની હેરાફેરી થતી જણાતાં મુદ્દામાલ સાથે વેપારીની અટકાયત કરી હતી. પ્રાથમિક તપાસમાં પ્રતિબંધિત મહુડાના વેચાણ માટેનું જરુરી પરમીટ વેપારી પાસે ન હોવાથી ગેરકાયદેસર તેની હેરાફેરી જણાતાં વેપારીને લોક્શામાં ધકેલ્યો છે. બનાવ અંગે પ્રશાંત રમેશચંદ્રની ફરિયાદના આધારે ઈસરી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પરમીટ વગરના જથ્થાની તપાસ થશે : પી.એસ.આઈ.

મેઘરજ તાલુકાના પંડુલી પાસેથી પીકસપ ડાલામાંથી પ્રતિબંધિત મહુડાનો જથ્થો ઝડપાયો છે. ઈસરી પી.એસ.આઈ., જી.એસ.દેસાઈનો સંપર્ક કરતાં વેપારી પરમીટ વગર મહુડાનો જથ્થો લઈ જતાં પકડાયો છે જેથી તેની તપાસ થશે. પ્રાથમિક તપાસમાં મહુડાનો જથ્થો રાજસ્થાનથી લાવી પોતાની દુકાનમાં વેચાણ માટે લઈ જતો હોવાનું વેપારીએ હાલ કબુલ્યું છે.

# ઉત્તર ગુજરાતના ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રોની બીજી માર્ચથી પ્રેક્ટીક્લ પરીક્ષા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ઉત્તર ગુજરાતમાં હવે પરીક્ષાનો માહોલ જામી રહ્યો છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રોનીપેરી પરીત્રા તા.૨ થી તા.૧૨ માર્ચ દરમ્યાન યોજવાનો માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરાયો છે. જેથી જિલ્લાના ૨૦થી વધુ કેન્દ્રો ઉપર માત્ર મુલ્યાંકન કારોની હાજરીમાં પ્રેક્ટીક્લ પરીક્ષાનું આયોજન થશે.

ગત વર્ષે કોરોનાના કરો તમામ છાત્રોને માસ પ્રમોશન આપવામાં આવ્યું પરંતુ આ વર્ષે કોરોના ફરીથી વકરે તો પણ માસ પ્રમોશન સંભવ નથી. સરકાર અને શિક્ષણ વિભાગ પઈા માસ પ્રમોશનના ગંભીર પરીરામો જાણી ચૂક્યું છે.

આગામી માર્ચના અંતિમ સપ્તાહમાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીત્રા યોજાવાની છે ત્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોની પ્રેરક પરીઢા થિયરીની પરીત્રા પહેલા યોજાવાની છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨થી ૧૨ માર્ચ દરમ્યાન પરત્રા યોજવાનો નિર્ણય કરતાં સાબરકાંઢ, અરવલ્લી, બનાસકાંઠ, પાટણ અને મહેસાણા જિલ્લાના ૨૮,૦૦૦થી વધુ છાત્રોની પ્રેરક્લ પરીત્રા યોજવામાં આવશે. ફિઝીક્સ, બાયોલોજી અને કેમેસ્ટ્રી વિષયની પ્રેક્ટીક્લ પરીક્ષાના આયોજન માટે જિલ્લા સ્તરે તૈયારીઓ શરુ થઈ છે.

# વિજયનગરના અભાપુરમાં ૧૫મી સદીનો શિવ મંદિર કુંડ વિકાસથી વંચિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

પ્રાચીન શિલ્પ ધરોહરોનો કલાત્મક વારસો સાચવીને બેઠેલા વિજયનગર તાલુકાના અભાપુરના જંગલમાં ૧૫મી સદીના શિવ મંદિર કુંડના સમારકામ બાબતે પુરાતત્વ વિભાગે કોઈ રૂચિ ન દાખવી હોય તેમ પ્રાચીન કુંડ વિકાસથી વંચિત જોવા મળી રહ્યો છે. અભાપુરમાં પુર્વાભિમુખ ૧૫મી સદી જૂના ભગ્ન શિવાલયની વાયવ્ય દિશામાં સ્થિત કુંડના સમારકામમાં ખાસ પ્રયત્નો ન થતાં આજે આ પ્રાચીન કુંડમાં માત્ર આચમન જેટલું ગંદુ પાણી જોવા મળતાં પ્રાચીન કુંડ ખાબોચિયામાં તબદીલ થયાનું દેખાઈ રહ્યું છે.

જિલ્લાના વિજયનગર તાલુકાને કુદરતે છૂટાહાથે સૌંદર્ય પ્રદાન કરતાં અરવલ્લી પર્વતની ગીરીકંદરાઓમાં આંખ અને મનને શાંતિ આપે તેવા પ્રકૃતિ સભર દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. જ્યારે અભાપુરના જંગલમાં શિલ્પકલા કારીગરીના બેનમૂન નમૂનારૂપ જૈન પોળો પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બનતાં વર્ષે હજારો પ્રવાસીઓ જૈન પોળોની મુલાકાતે આવી રહ્યા છે. અભાપુરના ગાઢ જંગલમાં જૈન મંદિરોના સમૂહમાં પ્રાચીન કલા વારસો ભગ્ન હાલતમાં સચવાયેલો હોવાથી થોડાક વર્ષો અગાઉ લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવીને પુરાતત્વ વિભાગની દેખરેખ હેઠળ જૈન પોળોના વિકાસની કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ વિકાસના પ્રયત્નો પછી પણ જૈન પોળોમાં પાયાની અનેક સુવિધાઓનો અભાવ દેખાઈ રહ્યો છે. સામાન્ય રીતે અહીં આવતા પ્રવાસીઓ જૈન મંદિરના સમૂહોને નિહાળી આ વિસ્તારમાં અગાઉ જૈન ધર્મનો પ્રભાવ વધુ હોવાનું પૌરાણિક સ્થાપત્યોને જોઈ માની રહ્યા છે પરંતુ અભાપુરના જંગલમાં માત્ર જૈન ધર્મ નહીં પરંતુ શૈવ ધર્મના પુરાવા પણ સાંપડી રહ્યા છે. અભાપુરની જૈન પોળો ભૂતકાળમાં ફેલાયેલા જૈન ધર્મની હયાતી રૂપે પ્રવાસીઓને આકર્ષી રહી છે પરંતુ જૈન પોળોમાં પ્રવેશતાં પહેલાં જ પુર્વાભિમુખ શિવ ત્રાયતનન મંદિર ભગ્ન હાલતમાં શૈવ ધર્મની યાદ અપાવતું ઉભું જોવા મળી રહ્યું છે. જ્યારે આ મંદિરની ખાસ વિશેષતા એ છે કે તે પુર્વાભિમુખ છે. ૧૫મી સદીના આ શિવ મંદિરની ફરતે દેવદેવીઓ ઉપરાંત અપ્સરા તાપસ અને વેલના શિલ્પો છે. જ્યારે પ્રાચીન પરંપરા અનુસાર શિવ મંદિરના દર્શનાર્થે જતા અગાઉ કુંડમાં સ્નાન કરવાનું એક આગવું મહત્વ હોવાથી મંદિરની વાયવ્ય દિશામાં ૧૫મી શતાબ્દીનો કુંડ પણ હાલ મોજૂદ જોવા મળી રહ્યો છે. અગાઉ જૈન પોળોની સાથે ૧૫મી સદીના શિવ મંદિર કુંડનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ મંદિર તથા કુંડના સમારકામમાં સરકારે ફાળવેલી ગ્રાન્ટ આચમન જેટલી બની રહેતાં કહેવા પૂરતો જ વિકાસ થયો છે જ્યારે ૧૫મી સદી જૂનો કુંડ આજે ખાબોચિયામાં તબદીલ થઈ ગયો હોય તેમ સ્વચ્છ પાણીના બદલે કુંડમાં ગંદુ પાણી જોઈ દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસ શોખીન લોકો ભારે દુઃખની લાગણી અનુભવી રહ્યા છે. આદી અનાદી કાળથી હિન્દુ સંસ્કૃતિમાં દેવ સ્થાન નજીકના કુંડનું આગવું મહત્વ રહેલું છે અને શ્રદ્ધાળુઓ કુંડમાં પવિત્ર સ્નાન કર્યા પછી જ દેવનાં દર્શન કરતા હતા પરંતુ કાળક્રમે સમય બદલાયો અને દેવ સ્થાનો નજીક કુંડના નિર્માણની પ્રથા ભૂલાઈ ગઈ છે પરંતુ અભાપુરના જંગલમાં ૧૫મી સદીના ભગ્ન શિવાલયની વાયવ્ય દિશામાં મોજૂદ પ્રાચીન કુંડ વર્તમાન સમયમાં પણ વિકાસની વાતોમાં ભૂલાઈ ગયો હોય તેમ યોગ્ય વિકાસથી વંચિત રહ્યો છે.



મંદિરના વાયવ્ય ખૂણામાં પ્રાચીન કુંડની દુર્દશા









### પૂર્વાભિમુખ ભગ્ન શિવાલય શિલ્પોથી અલંકૃત

વિજયનગર તાલુકાના અભાપુરના જંગલમાં પ્રાચીન જૈન મંદિરોના સમૂહને જૈન પોળો તરીકે ઓળખવામાં આવી રહી છે પરંતુ આ વિસ્તારમાં જૈન ધર્મની સાથે શૈવ ધર્મનો પણ ભૂતકાળમાં પ્રભાવ હોવાના પુરાવા મળી રહ્યા છે. જૈન પોળોની મુલાકાતે જતાં પુર્વાભિમુખ ૧૫મી સદી જુનું ભગ્ન શિવાલય અચૂક પ્રવાસીઓનું ધ્યાન ખેંચતું હોય છે. શિલ્પ કલાની દ્રષ્ટીએ બેનમૂન ૧૫મી સદીના શિવાલયની વિદ્યમાન જંઘા પર દેવદેવીઓ ઉપરાંત અપ્સરા તાપસ અને વ્યાલના શિલ્પો અલંકૃત છે તેમાં મંડપની જળવાયેલી વેદીકાનો ભાગ પણ અલંકૃત છે. જૈન ધર્મ અને શૈવ પંથની પૂજા પદ્ધતિ અને માન્યતાઓમાં આજે ભિન્નતા જોવા મળી રહી છે ત્યારે જૈન પોળોમાં ૧૫મી સદીનું ભગ્ન પૂર્વાભિમુખ શિવાલય જૈન અને શૈવ ધર્મના સમન્વય રૂપ બની રહ્યું છે.